## (૧) ટ્રેક નં. ૧૧ : દેવ-ગુરુ-શાસ્ત્ર વિષે

✿ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ ઓળખીએ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

✿ માંગલિક :

✿ ભક્તિ : કેવલ રવિ કિરણોંસે જિસકા સંપૂર્ણ પ્રકાશિત હૈ અંતર,
ઉસ શ્રી જિનવાણીમેં હોતા તત્ત્વોંકા સુંદરતમ દર્શન.
સદ્દર્શનબોધ ચરણપથ પર અવિરલ જો બઢતે હૈ મુનિગણ,
ઉન દેવ પરમ આગમ ગુરુકો સત્ સત્ વંદન, સત્ સત્ વંદન.

✿ દેવ પણ તું, ગુરુ પણ તું, ધર્મ પણ તું, પંચ પરમેષ્ઠી તું પોતે છે, પંચપરમેષ્ઠી પદ પ્રગટ્યું'તું ક્યાંથી? આ હતું એમાંથી બહાર આવ્યું છે. પંચ પરમેષ્ઠી સ્વરૂપ જ તું છો અંદર. કેમકે પ્રગટ જે પર્યાય થાય છે એથી તો અનંત ગુણી શક્તિવાળું તારું તત્ત્વ છે.

✿ ભગવત્ સ્વરૂપ-અરે ભાઈ! ભગવત્ અને તારામાં કાંઈ ન્યૂનતા નહીં. એ પર્યાયમાં પૂર્ણ હુઆ અને તું સ્વભાવમેં પૂર્ણ હૈ. તું હી દેવાધિદેવ, તું હી ગુરુ, તેરી પર્યાયમેં તૂને તેરેસે સમજ લિયા માટે તું તેરા ગુરુ હૈ. ઉસકા ગુરુએ સમજાયા પણ તે અપનેકો સમજાયા ને? પ્રભુ! 'મૈં તો પૂર્ણ આનંદ હૂં, શુદ્ધ હૂં, ચૈતન્ય' ઐસે તૂને તેરેકો સમજાયા માટે તું હી તેરા ગુરુ હૈ. ઐસે સર્વજ્ઞ ભગવાન—ઉસકી વાણીમેં આ આયા. 'પ્રભુ! તું શુદ્ધાત્મા હૈ ને? હમ જૈસા પ્રગટ કિયા ઐસી ચીજ તુમ હૈ. હમારી નાતના, જાતના, તુમ આત્મા હૈ ભાઈ! ક્યા હૈ? હમારેમેં પર્યાય પ્રગટ હુઈ. તેરેમેં સ્વભાવ શક્તિ પરિપૂર્ણ ભરા હૈ.'

✿ સિદ્ધ પર્યાય છે. સિદ્ધ કોઈ દ્રવ્ય, ગુણ નથી. સિદ્ધ એ પર્યાય છે. મુક્ત દશા એ પર્યાય છે. એ દ્રવ્ય-ગુણ નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. દ્રવ્ય એટલે કે જે અનંત ગુણોનો આધાર. ગુણ એટલે જે (દ્રવ્યને) એને આધારે રહ્યા ગુણ. એ તો ત્રિકાળી છે.

✿ અરિહંત અને સિદ્ધ તો પૂર્ણાનંદ-સિદ્ધ તો અશરીરી પૂર્ણ પ્રાપ્ત થઈ ગયા. અરિહંતને ચાર કર્મનો નાશ થઈને અનંત જ્ઞાનાદિ પ્રાપ્ત થયા. પણ

આચાર્ય, ઉપાધ્યાય, સાધુ(ને) અંતરમાં ત્રણ કષાયરૂપી ભાવનો નાશ થઈ અને આનંદની દશાની પરિણતિમાં પરિણમી જાય છે. ક્ષણ-ક્ષણમાં અંદર આનંદમાં ચાલ્યા જાય છે. ક્ષણમાં વળી વિકલ્પ ઉઠે—વૃત્તિ-સમજાવવું કે સાંભળવું કે એ બધી વૃત્તિ આવે પણ તરત જ તે બીજે ક્ષણે અંદરમાં ઉતરી જાય છે. આવે છે ને! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો!'

✿ સુબોધ એ મુક્તિનો ઉપાય. એ સુબોધ સુશાસ્ત્રથી થાય. સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય. સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા—એ સુશાસ્ત્ર ત્યાંથી થાય. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહે છે ને! માટે તેમના પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવા યોગ્ય છે.

✿ નિશ્ચયમાં તો પોતે આત્મા પૂજ્ય યોગ્ય છે. પણ વ્યવહારમાં સુશાસ્ત્રની ઉત્પત્તિ જેનાથી થઈ તે પૂજવા યોગ્ય છે.

✿ 'જ્ઞ' સ્વરૂપી—સર્વજ્ઞ સ્વરૂપી આત્મા—ઉસકા અનુભવ કરકે ઉસમેં લીન હોકર જબ પર્યાય-દશામેં સર્વજ્ઞપણા હુઆ, ત્રણ કાળ, ત્રણ લોક જાનનેમેં આયા ઈસકો 'અરિહંત ભગવાન' કહેનેમેં આતા હૈ. અરિહંતમાં આ 'નમો અરિહંતાણં' એ પક્ષનો શબ્દ નહીં. 'અરિ' નામ રાગ અને દ્વેષ અને અજ્ઞાનરૂપી અરિ. ઉસકા 'હંતા' નામ હણી અને વીતરાગ અને સર્વજ્ઞતા પ્રગટ કિયા, ઉસકા નામ 'અરિહંત' કહેનેમાં આતા હૈ. એ પહેલો નમસ્કાર. 'નમો અરિહંતાણં'.

✿ અસંખ્ય પ્રદેશમેં અનંત ગુણ રતન—અનંતી અનંતી પર્યાયકી શક્તિ એક-એક ગુણમેં પડી હૈ ઐસા અનંતા ગુણો અસંખ્ય પ્રદેશમેં—એક-એકમેં. એ જ્ઞાતાદષ્ટાકા ધ્યાન કરતે કરતે એ અસંખ્ય પ્રદેશમેં અનંત ગુણ રતન-કમરા-ઓરડા ખૂલ ગયા. જિસકી પર્યાયમેં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંતી ઈશ્વરતા પ્રગટ હો ઉસકો 'અરિહંત' કહેનેમેં આતા હૈ. દેવ ઐસા હોતા હૈ ઔર ગુરુ-વસ્ત્ર રહિત-(વસ્ત્ર)ના ટુકડા વિનાના નિર્ગ્રંથ અને અતીન્દ્રિય આનંદમેં ઝૂલનેવાલા—ઉસકો ગુરુ કહેતે હૈ.

✿ જિનેન્દ્ર ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર અરિહંત-દેવ. જિનેન્દ્ર—'જિન' તો સમકિતીને પણ 'જિન' કહેવાય છે. ગણધરને પણ 'જિન' કહેવાય છે. આ તો જિનેન્દ્ર છે. જિનના પણ ઈન્દ્ર-ભગવાન અરિહંત-સર્વજ્ઞદેવ-ત્રિલોકનાથ-મહાવીરાદિ ભગવાન થઈ ગયા અરિહંતપદે એ તો અત્યારે સિદ્ધપદમાં છે. 'નમો સિદ્ધાણં' અને આ સીમંધર ભગવાન વર્તે છે એ 'અરિહંત' પદમાં છે. શરીર સહિત વર્તે (અને) ચાર (ચતુષ્ટય) કેવળજ્ઞાનાદિ (હોય) એને 'અરિહંત' કહીએ. શરીર રહિત થઈ જાય, એકલો આત્મા રહે એને 'નમો સિદ્ધાણં' કહીએ.

✿ અરિહંત દેવ—જે અઢાર દોષ રહિત—જેને આહાર-પાણી ન મળે. જેને ઈચ્છા ન મળે, વીતરાગતા. જેને નિંદ્રા ન મળે, જેને ક્ષુધા, તૃષા નથી એવી જેને સર્વજ્ઞ વીતરાગદશા પ્રગટી છે તેને 'દેવ' કહેવામાં આવે છે. 'દેવ' (એટલે) દિવ્ય શક્તિનો જેને ખજાનો પૂર્ણ ખીલી ગયો છે. તેને 'દેવ' હોય ત્યાં સુધી પણ તેને ક્ષુધા અને તૃષા અને રોગ નથી અને શરીર રહિત થાય એ પણ 'સિદ્ધ' એ પણ 'દેવ' છે.

✿ સર્વજ્ઞ અરિહંત—જિનેશ્વર દેવ—સર્વોત્કૃષ્ટ દશા—પ્રભુ બિરાજે છે. મહાવિદેહમાં સમવસરણમાં બિરાજે છે. સો-સો ઈન્દ્રો, સેંકડો વાઘ અને સેંકડો કેસરી સિંહ, જંગલમાંથી સમવસરણમાં સાંભળવા આવે છે અને કાળા નાગ મોટા ૨૫-૨૫ હાથના લાંબા એ જંગલમાંથી આમ સરરાટ, સરરાટ કરતાં સાંભળવા આવે છે. એ પરમાત્માની વાણી અને એ સાંભળનારા બાપુ! એ કેવા હશે? સાક્ષાત્ (પ્રભુ) બિરાજે છે ને! એ પ્રભુ એમ કહે છે કે આ જગતમાં જે પરમાત્મા કહેવાય છે એ કોણ? 'એ તું'. અમે તો પરમાત્મા થયા. પર્યાયમાં થયા, પણ એ પર્યાયમાં પરમાત્મા થયા એ આવ્યું ક્યાંથી? એ પરમાત્મ સ્વરૂપ છે માટે પરમાત્મા(પદ) પર્યાય આવી છે.

✿ ત્રિકાળી જ્ઞાનમાં-ત્રિકાળીના જાણનારાનો કોઈ દિવસ વિરહ ન હોય. જેમ અનાદિકાળથી છ દ્રવ્ય અને લોક છે તેમ અનાદિકાળથી કેવળીઓ પણ અનાદિથી છે. પહેલો લોક અને પછી કેવળજ્ઞાન થયું જીવને (એમ

નથી). એ લોક પણ અનાદિ છે અને એના જાણનાર સર્વજ્ઞ કેવળી—એ પણ અનાદિથી છે.

✿ નવકાર બોલ્યા પહેલા બોલો છો ને! 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી' એમ ભૂતકાળમાં, વર્તમાનમાં અને ભવિષ્યમાં જે જીવો તીર્થંકર (થયા કે) થવાના, તે ભલે, અરિહંતનો જીવ અત્યારે નિગોદમાં હોય પણ ભવિષ્યમાં થવાના એને પણ વર્તમાન 'નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી' એમ કહેવાય.

✿ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમાત્મા—જેનું શરીર પરમ ઔદારિક થઈ ગયું છે. જેને પરમ આનંદાદિ બધી શક્તિઓ વિકસિત થઈ ગઈ છે. જેના શરીરના રજકણો પણ પરમૌદારિક થઈ ગયા છે. અને વાણી પરમ અમૃત જેવી નીકળે છે. પ્રભુ તો જન્મે ત્યારથી તેમનું શરીર પરમ ઔદારિક છે. પ્રભુને તો જન્મે ત્યારથી રોગ ન હોય. પેશાબ ન હોય, ઝાડો ન હોય, એ તો તીર્થંકર કોને કહે? બાપુ! એ વસ્તુ. એના આત્માની તો શું વાત કરવી? કહે છે. એનો આત્મા પરમાત્મા સ્વરૂપ પ્રગટ થઈ ગયો છે. ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ બિરાજે છે મહાવિદેહમાં. મહાવીરાદિ તો સિદ્ધ થઈ ગયા. એ તો 'નમો સિદ્ધાણં'માં (આવ્યા). આ 'નમો અરિહંતાણં'માં (આવ્યા). મહાવિદેહમાં બિરાજે છે. વીસ તીર્થંકરો 'નમો અરિહંતાણં'માં છે. એના આત્માની શું વાતો કરવી.

✿ અરિહંતપણે જે છે એને વાણી હોય. સિદ્ધને વાણી હોય નહિ. અરિહંત દેવ સર્વજ્ઞ પરમાત્મા અને ગુરુ-નિર્ગ્રંથ ગુરુ-નગ્ન મુનિ—જેની અંતરદશા નગ્ન થઈ છે. બાહ્ય દશા જેની નગ્ન થઈ છે. અંતરમાં વિકલ્પનું કપડું નથી. બાહ્યમાં કપડાનો ટુકડો ય નથી એવી જેની અંતર દશા—અતીન્દ્રિય આનંદના સ્વાદમાં ઉગ્રપણે પરિણમી રહ્યા છે એને ગુરુ કહીએ.

✿ ભક્તિ : તે ગુરુ મેરે મન બસો, જે ભવજલધિ જિહાજ,<br>
આપ તિરહી, પર તારહી, ઐસે શ્રી ગુરુરાજ... તે ગુરુ.

✿ દેવ, ગુરુ અને શાસ્ત્ર-સર્વજ્ઞ પરમેશ્વર, ગુરુ નિર્ગ્રંથ દિગંબર સંત અને વાણી સર્વજ્ઞની—એની શ્રદ્ધા અને એની સન્મુખતામાં પણ રાગ છે. ત્યાં

આત્માને લાભ જરીયે નથી. નુકશાન છે. ભાવ આવે અંતરદષ્ટિ થયા છતાં, પણ એ ભાવ છે એ દુ:ખરૂપ છે.

✿ જે પોતાનો ગુરુ થયો છે અંદર. પોતે જ પોતાને સમજાવીને ચૈતન્યનું ભાન થયું છે એ પોતે પોતાનો ગુરુ છે અને જેને સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા છે તે ગુરુ છે. આત્મા 'દેવ' અને આત્મા 'ગુરુ' ને આત્મા 'ધર્મ'! ત્રણે આત્મા હૈ. બહારના દેવ-ગુરુ-શાસ્ત્ર સબ વ્યવહાર હૈ. તૂં તેરા ગુરુ હૈ.તું તો સમજાનેવાલા તો તું તેરેકો હૈ. તુમ તેરા ગુરુ હૈ. સમજાનેવાલા ગુરુ હૈ. પણ સમજનેવાલા તૂ હૈ ને તેરે. તેરેકો તૂં(હી) સમજાયા. સમજનેવાલા તું હૈ તો તું તેરા 'ગુરુ' હૈ. નિશ્ચયસે તો તું (ગુરુ) હૈ. એ નિમિત્તનું કથન પછી. ગુરુ હોય બહારમાં. દેશનાલબ્ધિ થાય. પણ એ બધા નિમિત્ત. (હોય)

✿ ભક્તિ : સહજાત્મ સ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ (૨)

✿ જ્ઞાનકી પર્યાયમેં દેવ-ગુરુ-શાસ્ત્રકા સમીપમેં ઈસને યે કહા. 'તેરા ગુરુ તુમ હે, તેરા દેવ તુમ હૈ' તેરા ગુરુ તુમ હૈ. તેરે સમજનેકે લાયક તુમ. સમજાતે હૈ ઉસકો. હમ (ગુરુ) સમજાતે હૈ યે ક્યા? તુમ સમજાવો અપને આત્માકો 'અરે! આત્મા મૈં આનંદ સ્વરૂપ હૂં, ત્યાં જા ને'-એ સમજાતે હૈં વો ગુરુ (પોતે) હૈ. અપની દશા જ ગુરુ હૈ ઉસકી. અને એ દશાકા ગુરુ દ્રવ્ય હૈ.

✿ 'ગુરુ આજ્ઞાએ રહેવું તે પરમ સુખ' એટલે આજ્ઞા તો એ છે કે વીતરાગતા પ્રગટ કરવી. વીતરાગતા કેમ (પ્રગટ કરવી?) જૈન શાસન સર્વજ્ઞ પરમાત્મા—એના કહેલા ચાર અનુયોગો-એનો સાર વીતરાગતા છે. વીતરાગતા પ્રગટ કેમ થાય? ચારે અનુયોગ—દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ, ધર્મકથા—પ્રથમાનુયોગની તો વાતો ઘણી હોય. પણ એનું તાત્પર્ય શું? વીતરાગતા, અરાગતા. અરાગતા થાય કેમ? વીતરાગ સ્વરૂપ જ ભગવાન આત્મા છે અંદર. એનો આશ્રય લે તો વીતરાગતા થાય ત્યારે જન્મ મરણ મટે.

✿ વાણી કેવી હોય ગુરુની? કે અભેદનો આશ્રય લેવા માટેની વાણી હોય. વીતરાગપણું પ્રગટ થાય એવી એની વાણી હોય.

✿ શ્રીમદ્‌માં આવે છે ને! 'જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે રહેવું'. તે જ્ઞાનીની આજ્ઞા એ છે કે રાગથી ભિન્ન પડીને આત્મામાં જા. 'રાગથી ખસ, સ્વરૂપમાં વસ, ટૂંકું ટચ એટલું તારે માટે બસ!'

✿ એક શાસ્ત્રની એક ગાથા—એનો શબ્દાર્થ હોવો જોઈએ, પછી આ મતાર્થ હોવો જોઈએ કે અનેરા મત આમાં શું માને છે? અને આગમાર્થ—જૈન પોતે (માને છે) એનો હોવો જોઈએ અને નયાર્થ—વ્યવહાર છે કે નિશ્ચય—એમ હોવું જોઈએ. અને પછી એનું તાત્પર્ય-ભાવાર્થ હોવો જોઈએ. પણ આ કહે છે એનું તાત્પર્ય શું? એમ એક-એક ગાથા દીઠ પાંચ પાંચ બોલને ઉતારવા—એમ શાસ્ત્રપાઠ છે.

✿ સ્વરૂપને બતાવનારા ગુરુના અનુભવપૂર્વક નીકળેલા વચનો રામબાણ જેવા છે જેનાથી મોહ ભાગી જાય. શુદ્ધ આનંદનો નાથ—એને બતાવે અને જો એની નજર ત્યાં જાય (તો) મોહનો નાશ થાય. ભ્રમણા અને મિથ્યાત્વ-જે ભ્રમ છે તેનો નાશ થઈ જાય.

✿ સંતોની આજ્ઞા છે એનો વિરોધ ન કરવો. એનાથી ડરવું. કેમકે એનાથી ક્રોધ, માન, માયા, લોભ દબાય છે. માથે મોટા પુરુષ વિના તું કષાયના રાગમાં, તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે અને તેથી તારા દોષો તું સ્વયં જાણી શકે નહિ. મોટા પુરુષનું શરણ લેતા તારા દોષોનું સ્પષ્ટીકરણ થશે અને ગુણો પ્રગટ થશે. ગુરુનું શરણ લેતા ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે. ગુરુ એમ કહે. એનું 'શરણ લેતા' એટલે 'આજ્ઞા' પ્રમાણે કરતાં ગુણનિધિ ભગવાન—અનંત આનંદ અને અનંતજ્ઞાનનો પ્રભુ નિધિ આત્મા છે. એ ચૈતન્ય હીરલો—હીરો છે. અંદર એ પ્રગટ થશે તને. પામવામાં આવશે. જો (ગુરુ) આજ્ઞા માનીશ અને જો કામ લઈશ તો તને પ્રગટ થશે.

✿ ધર્મ તો એને ગુરુ કહે (જે) શુદ્ધ સ્વરૂપમાં દૃષ્ટિ કરે. ત્રિકાળી ભગવાન—પરમાત્મ સ્વરૂપ—અંદર છે. જે કોઈ પરમાત્મા દશામાં થાય છે, જે અંદરમાં શક્તિ છે, સ્વભાવ છે, એમાંથી થાય છે. એથી એવું 'પરમાત્મસ્વરૂપ તારું' એમ ગુરુના—ધર્માત્માના વચનો છે.

✿ શાંતરસનો ભરેલો પ્રભુ! વીતરાગમૂર્તિ અંદર આત્મા પ્રભુ છે. એમાં

વાણી નીકળી. 'વચનામૃત વીતરાગના, પરમ શાંત રસમૂળ'. વચન પરમશાંત રસમૂળ છે. 'ઔષધ જે ભવરોગના'—ભગવાનની વાણી ભવરોગને નાશ કરવાનું ઔષધ છે. 'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ' શ્રીમદ્‌માં આવે છે 'પરમ શાંતરસ મૂળ'નો અર્થ અકષાયભાવ. એ વીતરાગના વચનનું એ સ્વરૂપ છે. વીતરાગ વચનામૃતનું પરમ શાંતરસ મૂળ. અવિકારી, નિર્વિકારી, વીતરાગી પર્યાય જેનું મૂળ. 'ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.'

✿ અગાધ જેની મહિમા દેવની, અગાધ જેની મહિમા ગુરુની. એ તો ચૈતન્ય છે. પણ અગાધ જેની મહિમા વાણીની. એથી શ્રીમદ્‌માં આવે છે. 'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના, કાયર ને પ્રતિકૂળ, એ ગુણવંતા એ જ્ઞાની, અમૃત વરસ્યા રે પંચમકાળમાં!' વાણી આવી ને! વાણી વરસીને અંદર અનંત આનંદ વરસ્યો.

✿ મહાવિદેહમાં તીર્થંકરનો વિરહ કોઈ દિવસ હોય નહીં. પ્રભુ ત્યાં બિરાજે છે. ત્યાં તારો જન્મ અનંતવાર થયો ને પ્રભુ! અનાદિકાળનો છે ને! ત્યાં ભગવાનના સમવસરણમાં ભગવાનની આરતી ઉતારી. કેવી? મણિરતનના દીવા, હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલ, જય નાથ પ્રભુ! પણ પ્રભુ! એ તો શુભભાવ—રાગ છે. એ રાગ છે એ સંસાર છે. એ જ્ઞાયકભાવમાં નથી.

✿ ગુરુ અને તીર્થંકર અને શાસ્ત્રમાં ઉપદેશ એ હોય-એમાં આત્મા પોષાય, વીતરાગતા પોષાય. એમાં વીતરાગભાવની ઉત્પત્તિ, વીતરાગભાવની પુષ્ટિ થાય.

✿ સર્વજ્ઞ પરમેશ્વર અને ગુરુ સંત આદિ એની આજ્ઞા માનવી. આજ્ઞા શું એની છે? કે વીતરાગતા પ્રગટ કર, રાગથી ભિન્ન છો તેને જો. 'જે જોનારો છે તેને જો.'

✿ દિગંબર સંતોએ ગજબ કામ કર્યા છે. જેના એક એક શબ્દમાં, એક-એક શ્લોકમાં ગંભીરતા, ગંભીરતા, ગહનતા.

✿ ભગવાનની વાણી—એ વાણી—એની મિઠાશ જોઈ દ્રાક્ષો શરમાઈને

વનવાસમાં ચાલી ગઈ. દ્રાક્ષમાં મીઠાશ છે પણ ભગવાનની વાણીની મીઠાશ જોઈને દ્રાક્ષ જંગલમાં ચાલી ગઈ. ઉપમા આપી છે ને! એવી પ્રભુની વાણી ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ—એને હોઠ ચાલ્યા વિના, કંઠ ધ્રૂજ્યા વિના ૐ એવો ધ્વનિ ઉઠે છે. અમૃતની ધારા વહે છે એ વાણીની મીઠાશ જોઈને કહે છે કે દ્રાક્ષ જંગલમાં ચાલી ગઈ, શરમાઈ ગઈ કે આહા! આ વાણીની મીઠાશ ક્યાં? ઉપમા છે ને? ઉપમા આપીછે. શેરડી અભિમાન છોડીને ચિંચોડામાં પીલાઈ ગઈ. શેરડી. ગન્ના. એની મીઠાશ છે પણ કહે છે કે પ્રભુની વાણીની મીઠાશ આગળ શેરડીની મીઠાશ ચિંચોડામાં પિલાઈ ગઈ. આ તો એક વાણી નિમિત્ત છે અને એ વાણી ભગવાનને જ હોય. એ વાણી બીજાને હોય નહીં.

✿ સર્વજ્ઞના શાસ્ત્રો-દિગંબર શાસ્ત્રો એ શાસ્ત્રો—તીર્થંકરદેવની દિવ્યધ્વનિ ભગવાન સર્વત્ર પરમેશ્વર એની જે દિવ્ય-પ્રધાન ધ્વનિ-અવાજ ઉઠે છે (તે) દિવ્યધ્વનિ છે-પ્રવચન-કે જે જડ છે. વાણી તો જડ છે. એમાં કાંઈ ચૈતન્યના ભાવ ભર્યા નથી. એનો અર્થ શું? અર્થ શું? એ છે બીજી ચીજ એને બતાવે એ તો નિમિત્ત સ્વરૂપ છે. પણ કાંઈ વાણી છે એમાં કોઈ સર્વજ્ઞના ગુણો એમાં ભાવ ભર્યા છે વાણીમાં? એમ નથી. વાણીમાં એને સ્વ-પર કહેવાની શક્તિના ભાવ ભર્યા છે. પણ જડરૂપે. છતાં શાંત-અમૃતને બતાવનાર પ્રભુ! અમૃત સ્વરૂપ ભગવાન! શુદ્ધ જ્ઞાનસિંધુ-સુખસિંધુ—એ તો ભાવ જીવના છે. પણ એને વાણી નિમિત્ત તરીકે-વાચક તરીકે તેમાં ભાવ ભર્યા છે. વાચકના સ્વ-પર કહેવાના ભાવ છે. પણ પર ભાવો એમાં નથી. જે વીતરાગ, સર્વજ્ઞ, સુખસિંધુ પ્રભુ! એ કોઈ સુખસિંધુનો કોઈ અંશ એ વાણીમાં નથી. પણ વાણીમાં સુખસિંધુને કહેવાની સ્વ-પર શક્તિ છે એનામાં. એ તીર્થંકરની દિવ્યધ્વનિ—એ દિવ્યધ્વનિ છે તો વાણી જડની. પણ તીર્થંકરની કેમ? નિમિત્તથી કથન છે. પહેલા શબ્દોમાં જે છે. ભગવાન પરમાત્મા જ્યારે સર્વજ્ઞ થાય છે. ત્યારે વાણી એ વખતના પરમાણુની પર્યાયનાં પણ નિજશક્તિથી સ્વ-પર કહેવાની શક્તિવાળી પર્યાયો જ ત્યાં પ્રગટે છે. ભગવાનની વાણી-ભગવાન તો પૂર્ણ આનંદ સુખ સાગર સ્વરૂપ છે. એ વખતની વાણીની-

એ જ વખતની ભાષાની નિજ ક્ષણ તે પ્રકારની પર્યાય ઉત્પન્ન કરવાનો કાળ છે. એમાં પણ કહે છે એવી સ્થિતિ એને આપી. ભગવાનની વાણીને ભગવાન જે છે એ તો અલૌકિક વસ્તુ છે. પણ એની વાણીને પણ એ ઉપમા આપી કે અમૃતવાણીની મીઠાશ જોઈ-વાણીમાં પણ અમૃત બતાવનારી માટે વચનામૃત. એ પણ અમૃત-વાણીને પણ અમૃતવાણી કીધી (કહી). છે તો વાણી જડ અને ભગવાન આત્મા અંદર છે એ તો ચૈતન્ય સ્વરૂપ છે. જેમાં સુખની ગંધ નથી જડમાં, જ્ઞાનની ગંધ નથી જડમાં—છતાં તે વાણીને અમૃતવાણી કીધી. નિમિત્ત તરીકે છે ને અમૃતને બતાવનારી.

✿ દેવ એને કહીએ કે જેની વાણી (હોય તો) વીતરાગપણાની વાણી નીકળે અને તે વાણી પોતે સ્વતંત્રપણે નીકળે અને તેનું જ્ઞાન—એ વાણી કેવી નીકળશે? ક્યે સમયે? તેનું જ્ઞાન પણ તેની પર્યાયમાં વર્તમાન પ્રત્યક્ષ થઈ જાય છે. નીકળતી વાણી—એની પર્યાયનું જ્ઞાન પણ વર્તમાન પર્યાયમાં પ્રત્યક્ષ થઈ જાય છે. ભવિષ્યમાં જે વાણી નીકળશે અને ભવિષ્યમાં જે પર્યાય થશે એનું પણ વર્તમાનમાં—બાપુ! તારી પર્યાયનો મહિમા શું? (કેટલો?) એવા દેવની પર્યાયનો જેણે મહિમા કર્યો એ ચૈતન્યની મહિમા માટે ઉતરે તેને નિમિત્ત કહેવામાં આવે છે. એ ચૈતન્યનો મહિમા કર્યો એ ચૈતન્યનો—અરિહંતનો-ચૈતન્યનો મહિમા કર્યો એ ચૈતન્યનો મહિમા કરી દે એને એમ નથી. ૐ મુખથી ધ્વનિ નીકળી અને ગણધરોએ શાસ્ત્ર રચ્યા. 'ૐ મુખ ધ્વનિ નીકળી અને રચી આગમ ઉપદેશ, ભવિક જીવ સંશય નિવારે', એ સંશય સ્વભાવને આશ્રયે નિવારે (ત્યારે) તેને વાણીની મહિમાને નિમિત્ત કહેવાય છે.

✿ સર્વજ્ઞ અને સર્વદર્શી પ્રભુ પૂર્ણાનંદનો નાથ છે. અનંત-વચનાતીત છે એમ વચન કહે. એ વાણી એમ કહે કે વસ્તુનો અનુભવ વચનાતીત, વિકલ્પાતીત છે. એ વાણી કહે છે, એવી વાણીને આહીં શાસ્ત્ર કહેવામાં આવે છે.

✿ ભગવાને તો જાણ્યું છે, જેવું સ્વરૂપ છે એવું જાણ્યું છે, જાણ્યું છે તેવું કહ્યું છે. પણ એણે (ભગવાને) કર્યું નથી કંઈ કોઈએ! ભગવાનની જ આ

વાણી છે. દિગંબર સંતોની વાણી એ જ ભગવાનની વાણી છે.

✿ સર્વજ્ઞ પરમાત્મા એ દેવ, ગુરુ-નિર્ગ્રંથ મુનિ. અંતરમેં અને બહારમાં નિર્ગ્રંથદશા જિસકી ઓર શાસ્ત્ર-ભગવાન સર્વજ્ઞદેવે કહેલા શાસ્ત્ર-ઉસકી મહિમા આતી હૈ. સ્વરૂપ ન પ્રગટે તબ ભી આતી હૈ. સ્વરૂપ પ્રગટ્યા પછી ભી આતી હૈ. દેવ, શાસ્ત્ર ને ગુરુ ઉસકી મહિમા—સ્વાધ્યાય આદિ, શાસ્ત્રનું શ્રવણ, ગુરુનો સત્સમાગમ—એ આદિ સાધન વ્યવહાર સાધન કહેનેમેં આતા હૈ. એ સાધન તબ કહેનેમેં આતા હૈ કે જબ સ્વરૂપ સાધન રાગસે ભિન્ન કિયા તબ ઉસકો સાધન કહનેમેં આતા હૈ. કેમકે ઐસા આતા હૈ. જબ લગ સમ્યગ્દર્શન ન હો તબ લગ દેવ-ગુરુ-શાસ્ત્રકી મહિમાકા વિકલ્પ આતા હૈ ઔર સમ્યક્ અનુભવ હુઆ પીછે ભી વીતરાગતા જબ લગ ન હો તબ લગ દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિકા મહિમાકા રાગ આતા હૈ—એ નિમિત્ત તરીકે હો, ઉસસે આત્માકા કલ્યાણ હોગા એ નહીં. ઉસસે ધર્મ હોગા એ નહીં. એના વિના જ હોતા હૈ. પણ 'હોતા હૈ' ઈતના સિદ્ધ કરનેકો સાધન કહા આરોપસે.

✿ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા—એમની મહિમા આતી હૈ. સમ્યક્દર્શન હુએ પહેલે કે સમ્યગ્દર્શન હુએ પીછે ભી મહિમા આતી હૈ. ગુરુ નિર્ગ્રંથ આત્માકા આનંદમેં રમનેવાલા-પ્રચૂર-અતીન્દ્રિય આનંદકા વેદન કરનેવાલા-અતીન્દ્રિય આનંદના વેદન કરનેવાલા— ગુરુ. ઉસકી સાધકદશામેં. ઉસકી મહિમા સાધકદશા પ્રગટ હુએ પહેલે ભી ઔર પીછે ભી આતી હૈ. પણ પહેલે આયા તો ઉસસે સમ્યક્દર્શન હોતા હૈ ઐસા નહીં ઔર પીછે—સમ્યક્દર્શન હુએ પીછે આતા હૈ તો ઉસસે સમ્યક્દર્શન ટિક રહા હૈ ઐસા હી નહીં.

✿ સમવસરણ એટલે જ્યાં સો ઈન્દ્રો, સિંહ અને વાઘ જેના સમવસરણમાં આતા હૈ. એક ભવતારી ઈન્દ્રો જેની સભામાં હોય. એ સમવસરણ તો હીરા, માણેકથી બનેલા હોય. સ્ફટિક રતનથી બનેલા ગઢ હોય. ભગવાન આમ અદ્ધરમેં સ્ફટિક રતન(થી), નીલમણિથી ઉપર બિરાજતે હૈ, અદ્ધર આમ જ્યાં દિખે. પણ એ તો બાહ્યની શોભા છે પ્રભુ!

✿ ભગવાનનું શરીર ઉપશમરસથી ભરેલું છે. જાણે જડ. અંદર

ઉપશમરસકા પિંડ પ્રભુ! બહારમાં શાંત પરમાણુ જિતને જગતમેં હૈ એ બધા પરમાણુ શરીરરૂપે પરિણમ્યા હૈ.

✿ કુંદકુંદાચાર્ય (સીમંધર) ભગવાન પાસે ગયે થે દો હજાર વર્ષ પહેલે. ત્યાં જાકર આઠ દિન રહે થે. વર્તમાન ભગવાન યહાં (મહાવિદેહમેં) બિરાજતે હૈ. સમવસરણમેં બિરાજતે હૈ. પાંચસો ધનુષ્યકા દેહ હૈ. ક્રોડ પૂર્વકા આયુષ્ય હૈ. એક પૂર્વમેં સિત્તેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષ જાતે હૈં. ઐસા ક્રોડ પૂર્વકા પ્રભુ (સીમંધરનાથ)કા આયુષ્ય હૈ. એ વીસમા મુનિસુવ્રત થઈ ગયા અહીંયા ભગવાન તબ તો ઉસકા (સીમંધરનાથ) જનમ અને દીક્ષા હૈ. વો આગામી ચોવીસીમેં યહાં તેરમા તીર્થંકર હોગા તબ મોક્ષ જાયેગા. ભગવાન બિરાજતે હૈ. પૃથ્વીપતિ અરિહંતપદે બિરાજતે હૈ. પૂર્વ વિદેહમેં હૈ.

✿ 'અનંત અનંતકાળથી આથડ્યો' એટલે રખડ્યો. હિન્દી ભાષા છે. 'વિના ભાન ભગવાન, સેવ્યા નહીં ગુરુ સંતને' જ્ઞાની ધર્માત્મા ક્યા કહતે હૈ? ઉસકી 'સેવા' એટલે 'આજ્ઞા માની એમ'. 'સેવા' એટલે કંઈ પગ દાબવા એ કંઈ સેવા-બેવા નહીં. ઉસને જો કહા એ ઉસને માન્યા નહીં તો સેવા ન કિયા. 'મૂક્યું નહીં અભિમાન' (એમ કહે કે) 'જાનતે હૈ. હમકો ખબર હૈ અભિમાનમાં'. અને અભિમાનમેં જિંદગી ગઈ, પ્રભુ! એવા અનંત ભાવ કર્યા.

✿ ભગવાનકા ગુણ ગાતે ગાતે ગુણમાં એકાગ્ર હોતે હોતે ભગવાન હો ગયા. અનંતા ભગવાન હો ગયા. અનંત સિદ્ધ હુએ ને! છ મહિના અને આઠ સમયમાં છસો ને આઠ સિદ્ધ હોતે હૈ અઢી દ્વીપમેં. છ માસ અને આઠ સમય. ઉસમેં છસો ને આઠ તો મુક્તિ પાતે હૈ. એ કઈ રીતે મુક્તિ પાતે હૈ? કહે છે. અભી ભી ત્યાં મુક્તિ હોતી હૈ—મહાવિદેહમાં. યહાં નહીં હૈ. એ તો હોતા હૈ મહાવિદેહક્ષેત્રમાં. એ અનંત ગુણનો ભગવાન અપાર ગુણનો દરિયો. એની મહિમા અંદરમાં કરતાં કરતાં-એકાગ્ર કરતે કરતે ભગવાન હો ગયા. યે સિદ્ધ હો ગયા.

✿ શ્રીમદ્ કહતે હૈ કે એક તો વસ્તુની ખબર નહીં અને જ્યાં રાગકા રસિયા હૈ, સુનનેકો જાય તે કુગુરુ ઉસકા કલાક લૂંટ લેતે હૈ, ઉસકો કહે

કે તુઝે રાગસે કલ્યાણ હોગા. વ્રત કરનેસે કલ્યાણ હોગા એ કહે. ઉસે લૂંટ લિયા એને. (કુગુરુએ)

✿ શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ—એ ચક્રવર્તી હતા. તીર્થંકર થા. કામદેવ પુરુષ થા.

✿ ઋષભદેવ ભગવાન મોક્ષ પધાર્યા એ ભરત ચક્રવર્તીને ખબર પડી અને આએ ખબર પડી કે ચક્રરત્ન પાક્યું છે. તો કહ્યું કે પહેલાં ભગવાનના સ્મરણ કરો, યાદ કરો. પછી (ચક્રરત્ન).

✿ તેરી ચીજ ભગવાન સ્વરૂપ જ અંદર હૈ. તને ખબર નથી. પર્યાયની દૃષ્ટિએ ઓઝલ કર દિયા હૈ તેરી ચીજકો તે. તેરી ચીજ એક સમયકી પર્યાય જે ચલતી હૈ વિચારાદિ, રાગાદિ-એના સમીપમાં પ્રભુ પડા હૈ. તેરા આત્મતત્ત્વ એ ભગવાન સ્વરૂપ હૈ.

✿ આમ તો ભગવાનકા દર્શન ભી અનંત બૈર કિયા. સાક્ષાત્ ત્રણ લોકના નાથ તીર્થંકરના સમવસરણમેં ભગવાન બિરાજતે હૈ ત્યાં અનંતવાર જન્મ્યો છે. મહાવિદેહમાં. મેરુ ક્ષેત્રના ૪૫ લાખ યોજનમાં એક કણ ખાલી નથી જ્યાં અનંતવાર જન્મ્યો અને મર્યો નથી. અનંતકાળ, અનંતકાળ. મહાવિદેહક્ષેત્રમાં પણ અનંતવાર જન્મ્યો અને મર્યો છે. ત્યાં તીર્થંકરની હાજરી સદાય હોય છે. એ ભગવાનના સમવસરણમાં પણ ત્યાંથી અનંતવાર ગયો પણ એ તો કોઈ શુભભાવ. એ કોઈ ધર્મ નહીં. આત્મદર્શન ન કિયા પરકા દર્શન કિયા.

✿ વાણી સરસ્વતી ભગવાનની. લ્યોને. એના દર્શન કિયા. ઉસમેં ક્યા હૈ? એ તો શુભભાવ હૈ યે તો.

✿ ભાઈ! અંદર પ્રભુ બિરાજે છે ઉસમેં 'પ્રભુતા' નામકા એક ગુણ હૈ. આત્મામેં એક 'ઈશ્વર' નામકા ગુણ હૈ. કોઈ ઈશ્વર કર્તા, બર્તા હૈ ઐસા નહીં. તેરેમેં એક ઈશ્વર નામકા ગુણ હૈ. જેમ જ્ઞાન, આનંદ—એમ ઈશ્વર નામકા ગુણ હૈ તો દરેક ગુણમેં ઈશ્વરતા આયી, જ્ઞાન ઈશ્વર, દર્શન ઈશ્વર, શાંતિ ઈશ્વર, વીતરાગતા ઈશ્વર, કર્તા-કર્મ આદિ ઈશ્વર—એ ઈશ્વરના તેરે દર્શન હોગા. 'તું તેરા ઈશ્વર હૈ'.

✿ આ તો ત્રણ લોકના નાથ વીતરાગતા (થી ભરેલી) દિવ્યધ્વનિમાં

આવેલું—એને આગમની રચના-એને આગમ કહેવાય. દિગંબર સંતોએ કહેલા, સમયસાર, નિયમસાર, પ્રવચનસાર એ પરમાગમ બધા.

✿ ભગવાન ઉપશમરસકા ઢીમ હૈ. ઉપશમરસ-શાંતરસ-શાંત-અવિકારી, વીતરાગી સ્વરૂપ પોતે પ્રભુ હૈ.

✿ જૈન ધર્મકા સાચા ગુરુ ઉસકો કહીએ કે જિસકા ઉપદેશમેં રાગસે અપના આત્મા ભિન્ન વીતરાગ સ્વરૂપ હૈ, ઉસકી (તેરી) દૃષ્ટિકા વિષય તેરા ત્રિકાળી આનંદકંદ પ્રભુ હૈ. યે ગુરુકા ઉપદેશ હૈ. તીર્થંકરકા યે ઉપદેશ હૈ ઔર તીર્થંકરકા સંતો જે મુનિ ઈસકા આવા ઉપદેશ હૈ. જૈન સંત સાચા ઈસકો કહીએ જિસકો રાગસે ભિન્ન અનુભવ હુઆ હો ઔર સ્વરૂપમેં સ્થિરતા વિશેષ જામી હો એ નિર્ગ્રંથ મુનિ-એને અહીંયા ગુરુ કહેવામાં આવે છે. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં'. જે સ્વરૂપ પ્રભુએ અપના દીઠા 'કહી શક્યા નહીં એ પણ શ્રી ભગવાન જો.' ઈશારા કિયા 'તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?'—એ સ્વરૂપને અન્ય વાણી ક્યા કહે? 'અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો!' અનુભવ ગમ્યમાં જણાય એવું છે. બાકી તો શું કહેવું. કહે છે. 'જે સ્વરૂપને સર્વજ્ઞ એ પૂર્ણ જાણ્યું, તેની વાણીમાં પણ પૂર્ણ આવ્યું નહીં. તો એ સિવાય છદ્મસ્થના પ્રાણી—તે એવા સ્વરૂપને—અન્ય વાણી તે શું કહે? 'અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો!'

✿ તત્ત્વનો ઉપદેશ-જ્ઞાયક સ્વરૂપ ભગવાન—એ પુણ્ય-પાપના તત્ત્વથી પણ ભિન્ન, અજીવ તત્ત્વ—આ શરીર, વાણી, કર્મ, માટી—એનાથી ભિન્ન એવો જે તત્ત્વ-જ્ઞાયક પ્રભુ—એનો ઉપદેશ અતિ ગ્રહવા યોગ્ય છે.

✿ ભગવાન સર્વજ્ઞ વીતરાગ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ! ઉસકો સમજનેસે 'મૈં ઐસા હૂં, મૈં ભી અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ, જ્ઞાયક સ્વરૂપ અખંડાનંદ નાથ' ઐસી નિમિત્તકો દેખકર અપના સ્વભાવકી મહિમા આતી હૈ.

✿ મહાવિદેહમાં સદા તીર્થંકરો બિરાજે છે. સદા ધર્મકાળ વર્તે છે. ત્યાં વિરહ પડતો નથી. આજે પણ ત્યાં ભિન્ન-ભિન્ન વિભાગમાં એક-એક તીર્થંકર થઈને ૨૦ તીર્થંકર વિદ્યમાન છે.

✿ ભગવાનની વાણી સાંભળી દિવ્યધ્વનિ-સમવસરણમાં-ખ્યાલમાં આવ્યું. એની જ્ઞાનની પર્યાયમાં ખ્યાલ આવ્યો કે ભગવાન એમ કહે છે કે 'તારો આત્મા પૂર્ણાનંદ પ્રભુ ભરેલો ભગવાન! અનંત અનંત ગુણનો ગોદામ પ્રભુ! ત્યાં તું દૃષ્ટિ દે. તને સમ્યક્દર્શન થશે, સમ્યક્જ્ઞાન થશે, સ્વરૂપાચરણની સ્થિરતા સાથે આનંદ આવશે', એવો ખ્યાલ આવ્યો હતો. એ ખ્યાલ ઉપરનું લક્ષ છોડી દઈ અને સ્વ તરફ જ્યાં દૃષ્ટિ કરી તો જે ખ્યાલ હતો તે એણે ખ્યાલને યથાર્થ બનાવ્યો માટે ભગવાનનો ઉપકાર છે એમ અહીંયા કહેવામાં આવે છે.

✿ શ્રીમદ્દે એમ કહ્યું છે—'આત્મ-સ્પર્શી વાણી'—પત્રમાં આવે છે એટલે કે જ્યાં આનંદનું દોહન છે તેના સંબંધમાં જે વાણી નીકળે એ આત્મસ્પર્શી વાણી કહેવાય.

✿ જેટલા સિદ્ધ ભગવાન પર દ્રવ્ય છે એ પણ લક્ષમાં અને બુદ્ધિમાં લ્યો તો ત્યાં રાગ જ થાય છે. નથી આવ્યું? 'વંદિતુ સવ્વ સિદ્ધે' ત્યાં એ વ્યવહાર છે અને 'નમઃ સમયસારાયઃ' જે આવ્યું એ નિશ્ચય છે. પણ પોતાની પર્યાયમાં સ્થાપે છે ત્યાં આગળ વિકલ્પ છે, જરી વ્યવહાર છે ત્યાં. ને 'સ્વાનુભૂત્યા ચકાસતે' અને 'નમઃ સમયસારાયઃ' ત્યાં તો 'નમઃ સમયસારાયઃ' (એટલે) 'મારો પ્રભુ પૂર્ણ આનંદ સ્વરૂપ—તેમાં હું જાઉં છું, ઢળી જાઉં છું. ત્યાં સ્વાશ્રય છે ત્યાં.'

✿ વીસ તીર્થંકર તો સદાય ત્રિકાળ હોય. ત્રણે કાળમાં ત્રણ કાળના જાણનારનો જગતમાં વિરહ હોય નહીં. ત્રણ કાળ જ્ઞેય છે. એ ત્રણ કાળમાં ત્રણ કાળના જાણનારનો કોઈ દિવસ વિરહ હોય નહીં. એને (ત્રણકાળ ત્રણ લોક) જ્ઞેય છે તેને પૂર્ણ જ્ઞાનવાળાનો વિરહ હોઈ શકે નહીં.

✿ મહાવિદેહમાં ભગવાન તો સદા બિરાજે છે. સીમંધર ભગવાન અત્યારે બિરાજે છે. વીસ તીર્થંકર. એ જાય તો બીજા આવે. અનંત અનંત કાળ. કોઈ દિવસ મહાવિદેહમાં તીર્થંકર વિનાનો ખાલી હોય નહીં. મહાવિદેહમાં તો પ્રભુ સદાય તીર્થંકર બિરાજે છે.

✿ આહીં તો અત્યારેય તીર્થંકર છે અને વાણી છે. સિદ્ધ થયા એ તો 'નમો સિદ્ધાણં'—અશરીરી અને વાણી નહીં, શરીર નહીં, 'અરિહંત' છે

એને વાણી અને શરીર હોય છે. ચાર કર્મનો નાશ છે અને ચાર કર્મ બાકી છે. સિદ્ધને તો આઠે કર્મનો અભાવ થઈને—એ શ્રીમદ્‌માં આવ્યું ને પહેલી કડીમાં (આત્મસિદ્ધિમાં) 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' એ સ્વરૂપ એ. 'સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત' વ્યવહાર કહ્યો 'સમજાયું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવાન આત્મા'. એમ કે કેવળી છે એને ચાર ઘાતિનો નાશ, ચાર અઘાતિ કર્મ છે માટે તે રોકાણા છે એમ નથી-હજી ત્યાં આગળ પર્યાયમાં તો અશુદ્ધતા ઉદયભાવની વર્તે છે તેથી ત્યાં 'અસિદ્ધ' કહેવામાં આવે છે. પર્યાય પૂર્ણ થઈ જાય છે પુરુષાર્થથી ત્યારે તેને 'સિદ્ધ' કહેવામાં આવે છે.

✿ ભગવાન સિદ્ધ પરમાત્મા સર્વ વિભાવ પરિણામથી સર્વથા નિવૃત્ત થયા છે. એવા સિદ્ધ ભગવાનને પ્રગટેલી શાંતિની તો શી વાત?

✿ આચાર્ય ભગવંતોએ દિવ્યધ્વનિના ઊંડા રહસ્યોથી ભરપૂર પરગમાગમો રચી—મુક્તિનો માર્ગ અદ્‌ભૂત રીતે પ્રકાશ્યો છે.

✿ અપના શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા—ઉસકા બહુમાન કરના વો વિનય હૈ—ભગવાનકા બહુમાન કરના એ તો વિકલ્પ હૈ, રાગ હૈ. ભગવાન તો કહેતે હૈ ને. 'પરદવ્વાઓ દુગ્ગઈ'-પરદ્રવ્ય હૈ. ભગવાન કહેતે હૈ કિ 'હમ તો પરદ્રવ્ય હૈ તેરેસે' મેરા ઉપર લક્ષ કરેગા તો તેરેકો શુભરાગ હોગા. શુભરાગ એ દુર્ગતિ હૈ તેરી. ચૈતન્યકી ગતિ નહીં.

✿ એ પરમાત્મા સિદ્ધ પ્રભુ— જ્યારથી સિદ્ધપણાની પર્યાય શરૂ થઈ છે એ 'સાદિ' થઈ. પણ અનંતકાળ, પ્રતિસમય—દરેક સમયમેં અનંતકાળ ભવિષ્યમાં પૂર્ણરૂપે પરિણમ્યા કરે છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિની પર્યાય પૂર્ણ થઈ એ પૂર્ણપણે પરિણમ્યા જ કરે છે.

✿ તીર્થંકર તો દીક્ષા વખતે પણ 'નમો અરિહંતાણં' નથી કહેતા, 'નમો સિદ્ધાણં' (કહે છે) નહીં તો 'નમો અરિહંતાણં' પહેલા કેમ આવ્યા? કે જેની વાણી છે એનો અહીં ઉપકાર થાય છે. તીર્થંકર છે એ જ્યાં દીક્ષા લે (ત્યારે) બીજા તો પંચ નવકાર ગણે. આ તો સીધું દેવ-(ને નમે) એકલો 'નમો સિદ્ધાણં' (ગણે). ગજબ વાત છે. (મુમુક્ષુ : એને પણ પહેલા અરિહંતપદ જ પ્રાપ્ત થશે ને?) થાય ભલે. પણ વંદન કરે તો વો

સિદ્ધને. પૂર્ણ (છે તેથી). અરિહંતને ચાર (કર્મ) ગયા છે અને ચાર (કર્મ) રહ્યા છે. મારો નાથ પૂર્ણાનંદ સ્વરૂપ છે એ પૂર્ણ જેની પર્યાય પ્રગટ થઈ તેને નમસ્કાર કરીને હું ચારિત્ર લઉં છું. (એમ દીક્ષા વખતે સિદ્ધને નમે)

✿ સિદ્ધ શું કરે છે? અતીન્દ્રિય આનંદાદિ અનંત ગુણોની પર્યાયને વેદે છે. પૂર્ણાનંદની પ્રાપ્તિ (થઈ છે.) પૂર્ણ સ્વરૂપને વેદે છે એ. એ પૂર્ણ પર્યાયનો આનંદ વેદતા બહાર નીકળતા જ નથી. કદી બહાર આવતા જ નથી. અનંત અનંત પર્યાયો નિર્મળ પ્રગટ થઈ છે તેનું વેદન કરે છે.

✿ વસ્તુમાં અને ગુણમાં તો શુદ્ધતા છે. પર્યાયમાં જે શુભ-અશુભ થયા, એને છોડીને અંદરમાં શુદ્ધતાના આશ્રયે સમ્યક્ પરિણતિ કરે એ જિનવરની આજ્ઞા અને હુકમ છે. જિનવરનો ચાર અનુયોગનો ઉપદેશ આ બતાવે છે. ‘લાખ વાતની વાત, નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ. નિજ આતમ ઉર ધ્યાવો’ ‘દ્વંદ નામ (એટલે) બેપણું. દ્વૈતપણું પણ છોડી દે કે આ ગુણી છે અને આ ગુણ છે-એવો દ્વૈત પણ છોડી દે. અદ્વૈત—એક દશાને પ્રાપ્ત કરી ભિન્નતા છોડી દીધી માટે અદ્વૈત છો પ્રભુ આપ. એમ ભગવાન આત્મા (અને) રાગ-જે ‘એકડે એક અને બગડે બે’. બીજો રાગ છે તે બગડે છે. એને છોડીને એકડે એક કરે, એક સ્વરૂપ છે તેને આરાધે એ જિનવરદેવની આજ્ઞા છે. એ જિનવરનો ઉપદેશેલો એ માર્ગ છે. ભલે એણે રાગની વાત કરી હોય. વ્રત આ અને તે. પણ એ બધાનું તાત્પર્ય તો વીતરાગતા પ્રગટ કરવું એ વાત છે.

✿ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર થઈ ગયા, જિનેશ્વરદેવ—એને ૐ ધ્વનિ ઉઠે, હોઠ હાલે નહિ, કંઠ હલે નહીં, એવી વાણીમાં અતિશયતા છે. વાણીમાં હોં, તેમાં અનંત રહસ્યો હોય છે. ભગવાનની વાણીમાં તો અનંતુ રહસ્ય. બાપુ! એ કંઈ અસાધારણ વાત નથી. અનંત અનંતા રહસ્ય ભરેલી વીતરાગની વાણી જિનેન્દ્રદેવ પરમેશ્વર—તે વાણી દ્વારા જીવો માર્ગ પામે છે. એ સિવાય. જિનેન્દ્ર સિવાય વાણી અજ્ઞાનીઓની—એમાંથી કોઈ ધર્મ પામે એવી ચીજ છે નહીં. એમાં અનંત રહસ્ય છે. તે વાણી દ્વારા ઘણા જીવો માર્ગ પામે છે. ‘નિમિત્ત’ છે આમ હોવા છતાં આનું ચૈતન્ય તત્ત્વ તે વાણીમાં પણ આવતું નથી.

✿ બાપુ! વાણી જડ છે અને ભગવાન તો અંદર આનંદનો નાથ ભિન્ન છે. દુશ્મન દ્વારા મિત્રની વાતો કરાવવી? કેટલી કરે એ? આ વાણી તો જડ છે, માટી, ધૂળ છે. ભાષાવર્ગણા તો માટી છે અને આત્મા અંદર અરૂપી આનંદનો નાથ ચૈતન્ય-અરૂપી. જેમાં રૂપ નથી. ગંધ નથી, વર્ણ નથી, સ્પર્શ નથી, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ ભરી. હવે એની વાતુ કરવી વાણી દ્વારા (એ કેમ બને?)

✿ ભગવાને જેટલું જાણ્યું છે એનો અનંતમો ભાગ વાણીમાં આવે છે. અને જેટલું વાણીમાં આવ્યું, એ ગણધરો એના અનંતમાં ભાગે જાણી, સમજી શકે છે એટલી ગંભીરતા છે.

✿ 'આનંદનો નાથ પ્રભુ! અંદર—ઉસકી દૃષ્ટિ કરકે સ્થિરતા કરો'એ ગુરુના વચનો છે. જ્ઞાનીના, સંતોના, કેવળીના એ વચનો છે. રામબાણ છે. 'વીતરાગી પર્યાયસે તેરા આત્માકો જાને'. એ રામબાણ-ફરે નહીં. એમ વીતરાગ પર્યાય દ્વારા અંદર જા. એ ફરે નહીં કદી. એ અનુભવમેં આયેગા તેરે.

✿ દિગંબર સંતો એ તીર્થંકરના આડતિયા છે. પૂર્ણ પ્રત્યક્ષ સર્વજ્ઞે દીઠું છે. અમે (સંતોએ) પરોક્ષપણે આત્માને દીઠો છે અને વેદનમાં પ્રત્યક્ષ થયો છે. એ આચાર્યનો પોકાર છે. એ વાણી અહીંયા આવે છે. (ગુરુદેવની) મહાવિદેહક્ષેત્રના તીર્થંકરોના સમાગમમાં સમવસરણમાં અનંતવાર ગયો છે ભાઈ! પણ ઓળખ્યા નહીં. કેમકે વીતરાગ સ્વરૂપ છે એ (ભગવાન), એવો છે આ ભગવાન (આત્મા). વીતરાગ સ્વરૂપ છે એમ ન ઓળખ્યો તો વીતરાગને પણ એણે ઓળખ્યા નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)